POST - REGD. No. GBK-241/2018-2020 RNI. No. 68504-98

માધ્યમિક શિક્ષકોની સમસ્યાઓને વાચા આપતું મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થતું માસિક

બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘનું મુખપત્ર

નામ ______________

સરનામુ ______________

______________

# બનાસગંગા શિક્ષણ

પ્રકાશક : **શ્રી હરેશભાઈ જી. ડાભી**
સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા, જિ. બનાસકાંઠા
મો : ૯૪૨૬૪૪૪૫૬૮, ૮૧૬૦૮૨૮૫૮૨
Email:hgdabhi_2011@rediffmail.com

તંત્રી અને મુદ્રક : **શ્રી ગિરીશભાઈ એસ. રાવલ**
નવનિર્માણ વિદ્યાલય, વગદા
તા. પાલનપુર, જિ. બનાસકાંઠા મો : ૬૩૫૧૫૯૩૯૪૧
મો : ૯૪૨૭૦૪૩૬૧૬ Email:girishkumarraval8900@gmail.com

**સહતંત્રી : શ્રી ગિરીશભાઈ પી. વણસોલા** શાહ કે. એચ. હાઈસ્કૂલ, પીલુચા, તા. વડગામ બ.કાં. મો : ૯૪૨૯૭૧૬૫૧૬

**વર્ષ-૨૦ ● અંક : ૪ ● સપ્ટેમ્બર-૨૦૨૦ ● વાર્ષિક લવાજમ : રૂા. ૩૦/- ● પાનાં - ૬ છૂટક કિંમત ૩-૫૦ રૂા.**



## પ્રમુખ સ્થાનેથી...

પ્રિય શિક્ષક ભાઈઓ તથા બહેનો,

સાદર પ્રણામ,

''સદાય આપણા હૃદયકુંજમાં શિક્ષક હંમેશા જાગૃત રહે''

મિત્રો, પાંચમી સપ્ટેમ્બરે સમગ્ર ભારતમાં ''શિક્ષકદિન'' તરીકે ઉજવવામાં આવે છે. દર વર્ષે શાળામાં બાળકો ઉત્સાહભેર શિક્ષકદિનની ઉજવણી કરતા હતા પણ આ વર્ષે બાળકોની ગેરહાજરી દરેક શિક્ષક અને શાળાને સાલતી રહી. આ વર્ષે બાળ ઉત્સાહનો ભલે અભાવ હોય પણ દેશભરમાં તેની ઉજવણી તો થઈ જ. શિક્ષકમાંથી રાષ્ટ્રપતિ પદના સર્વોચ્ચ શિખર સુધી પહોંચનાર આપણા દેશના વિરલ વ્યક્તિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને પ્રણામ કરતા ધન્યતા અનુભવુ છું. આ દિવસના અનુસંધાનમાં પોતાના વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ તમામ શિક્ષકો, વડીલો અને વાલીઓને હું હૃદયપૂર્વક વંદન કરું છું. આજના સમયમાં શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવવા માટે પણ ભ્રષ્ટ રીત રસમો અપનાવી શ્રેષ્ઠતા સાબિત કરવાનો હીન પ્રયાસ કરવામાં આવે છે તે નિંદનીય છે. શિક્ષક સર્વોચ્ચ સ્થાને બીરાજે તેના કરતા સર્વોચ્ચ સ્થાને બીરજમાન વ્યક્તિમાં શ્રેષ્ઠ શિક્ષક બને તેમાં વધારે મહાનતા રહેલી છે. આપણા હૃદયમાં પણ હંમેશા શિક્ષક જાગૃત રહે તેવી જગત જનનીને પ્રાર્થના કરું છું.

વર્ષ ૨૦૨૦માં શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનાર તમામ ગુરુજીઓને બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ વતી અભિનંદન પાઠવું છું. શિક્ષક એ સમાજનું દર્પણ છે.

મિત્રો, આજે માહિતી અને ટેકનોલોજીના જમાનામાં અનેક શૈક્ષણિક સંશાધનો થકી જ્ઞાન અને માહિતીનો જબરજસ્ત વિસ્ફોટ થયેલ છે. આજનો વિદ્યાર્થી ઘરે બેઠા બેઠા પણ ઘણું બધુ શીખી લે છે જે આપણે વર્ગખંડમાં શીખવાનું હોય છે. આપણે તેમનાથી એડવાન્સ થવું પડે જ એમાં નવાઈ નથી આજે વિદ્યાર્થીઓનાં 'જ્ઞાન' કરતા 'આદરભાવ' કેળવાય તે વધારે જરૂરી છે. અને આ બધું સહિયારા પ્રયત્નથી કેળવી શકાય છે.

મિત્રો, શિક્ષક તરીકે તો આપણે આપણી ફરજ નિભાવીએ જ છીએ પણ હજુ પણ ઘણા બધા શિક્ષક મિત્રો પોતાના વહીવટી પ્રશ્નો માટે સજાગ નથી એવું અનુભવાઈ રહ્યું છે તો એવા મિત્રોએ પણ કોઈપણ જાતનો 'ડર' રાખ્યા સિવાય પોતાના વહીવટી પ્રશ્નો માટે સમયસર જાગૃત બને આપણા પ્રશ્નોના સમયસર નિરાકરણ માટે આપણે જ જાગૃત રહેવું પડશે. સંઘના દરેક હોદ્દેદારોને સક્રિય રાખવા પડશે.

મિત્રો, આપણા મહામંડળે આપણા પ્રશ્નો માટે જે પહેલ કરી છે તેને આપણે સૌ સાથે મળીને સફળ બનાવવાની છે અને મહામંડળના ધૂરાવાહકો જે આદેશ આપે તે પ્રમાણે આપણે તેમને સાથ-સહકાર આપવાનો છે.

'જયભારત'

**હરેશભાઈ ડાભી**
પ્રમુખ, બ.કાં.જિ.મા.શિ.સંઘ



## તંત્રી સ્થાનેથી...

આદરણીય શિક્ષક ભાઈઓ તથા બહેનો,

નમસ્કાર,

પમી સપ્ટેમ્બર એ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ દિવસ છે અને તેમનો જન્મદિવસ ''શિક્ષક દિન'' તરીકે ઉજવવામાં આવે છે. કોરોનાની મહામારી હોવા છતાં પમી સપ્ટેમ્બરના રોજ ગુજરાત રાજ્ય તેમજ જીલ્લા કક્ષાએ ખૂજ સારી રીતે શિક્ષક દિન ઉજવાયો તે બદલ ગુજરાતના રાજ્યપાલશ્રી દેવવ્રતજીને ખૂબ ખૂબ અભિનંદન શિક્ષકની ગરીમા શિક્ષક જ સમજી શકે.

**ગુજરાત રાજ્યમાં પસંદ થયેલ શ્રેષ્ઠ શિક્ષક મિત્રોને અભિનંદન બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાકક્ષાનો માધ્યમિક તથા ઉ.મા. વિભાગના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ બ.કાં.જિ.મા.શિ. સંઘ દ્વારા ચાલતું આપ સૌનું ''બનાસગંગા શિક્ષણ''ના સંપાદક મંડળના સદસ્ય શ્રી સુરેશભાઈ જે. રાવલ (મ.શિ. શ્રી વિવિધલક્ષી વિદ્યામંદિર, પાલનપુર)ને પ્રાપ્ત થયો તે બદલ આપ સૌને અભિનંદન.**

૧૫મી ઓગસ્ટ નિમિત્તે વર્તમાન કોરોના મહામારી અને થેલેસેમિયાના દર્દીઓને પુરતા પ્રમાણમાં લોહી (Blood) મળી રહે તે હેતુ સર શિક્ષક સચિવશ્રી વિનોદરાવના માર્ગદર્શન હેઠળ બ.કાં.જિ.શિ. અધિકારી શ્રી નરેન્દ્રસિંહજી ચાવડા સાહેબ તથા પ્રા.જિ.શિ. શ્રી જે. આર. પ્રજાપતિ સાહેબના માર્ગદર્શન હેઠળ બ.કાં.જિ. શૈ. સંકલન સમિતિના નેજા હેઠળ એક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અને પાલનપુર, વડગામ તાલુકામાંથી જ ૧૨૧ બોટલ Blood એકઠુ કરવામાં આવ્યું રૂધિરનું દાન કરનાર તમામ ''ટીમ એજ્યુકેશન''ને ખૂબ.. ખૂબ.. ધન્યવાદ.

મિત્રો હજુ ઘણા શિક્ષક મિત્રો, ૭મા પગારપંચના સ્ટીકરથી વંચિત રહેવા પામ્યા છે. તો એ મિત્રોએ સૌપ્રથમ જિ.શિ.કચેરી પેન્શન અને પગાર બાંધણી ટેબલ પર શાળા દ્વારા ડેટા એન્ટ્રી કરાવી લેવી. ડેટા એન્ટ્રીની માહિતિ અગાઉ પણ બનાસગંગા શિક્ષણમાં આપી હતી છતાં ફરીવાર ડેટા એન્ટ્રીની વિસ્તૃત માહિતિ ''બનાસગંગા શિક્ષણ''ના આ અંકમાં આપેલી છે. જે કર્મચારીઓની ડેટા એન્ટ્રી ન થઈ હોય (જેના કેસ નંબર ન બોલતા હોય તેની ડેટા એન્ટ્રી બાકી બોલતી હોય છે) તેમણે સ્વયં જાગૃત રહી શાળા દ્વારા ડેટા એન્ટ્રી કરાવી લેવી. ઉચ્ચતર પગાર ધોરણ લેવા માટે ૭મા પગારપંચનું સ્ટિકર આવશ્યક છે.

આપના પ્રશ્નો પ્રત્યે અમો હંમેશા જાગૃત છીએ અમારુ ધ્યાન દોરશો તો આપના પ્રશ્નોનું અવશ્ય નિરાકરણ આવશે.

**- ગિરીશ રાવલ** મહામંત્રી, બ.કાં.જિ.મા.શિ.સંઘ

**સપ્ટેમ્બર-૨૦૨૦નું બનાસગંગા વેબસાઈટ જોવા માટે** http://shixanparab.blogspot.com/p/banasganga.html **પર સર્ચ કરવું.**

## બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે બનાસકાંઠા જિલ્લો

શાળાનું નામ અને સરનામું

પગાર કોડ નં. :

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | શ્રીમાન/શ્રીમતી/કુમારી |
| ૨ | કર્મચારીનું નામ ગુજરાતીમાં |
| ૩ | કર્મચારીનું નામ અંગ્રેજી કેપીટલમાં |
| ૪ | પિતાનું નામ ગુજરાતીમાં |
| ૫ | પિતાનું નામ અંગ્રેજી કેપીટલમાં |
| ૬ | અટક ગુજરાતીમાં |
| ૭ | અટક અંગ્રેજી કેપીટલમાં |
| ૮ | હોદ્દો ફીક્સ પગારનો |
| ૯ | હોદ્દો પુરા પગારનો |
| ૧૦ | લાયકાત |
| ૧૧ | એમ્પ્લોઈ નંબર |
| ૧૨ | જી.પી.એફ./એન.પી.એસ. નંબર |
| ૧૩ | જન્મ તારીખ |
| ૧૪ | નિમણુંક તારીખ ફીક્સ પગારમાં |
| ૧૫ | નિમણુંક તારીખ પુરા પગારમાં |
| ૧૬ | ફીક્સ પગાર |
| ૧૭ | પુરા પગારમાં પગાર ધોરણ પે બેન્ડ + ગ્રેડ પે |
| ૧૮ | પુરા પગારમાં નિયત થતો પગાર પે બેન્ડ + ગ્રેડ પે કુલ પગાર |
| ૧૯ | બેંકનું નામ અને શાખા |
| ૨૦ | બેંકનો ખાતા નંબર |
| ૨૧ | પીપીઓ નંબર |
| ૨૨ | પુરા પગારમાં આવ્યા બાદથી તા. ૩૧-૧૨-૧૫ સુધી મળેલ ઉ.પ.ધો./બઢતીની વિગતો |
| ૨૩ | તા. ૩૧-૧૨-૧૫ પગાર પે બેન્ડ + ગ્રેડ પે કુલ પગાર |
| ૨૪ | સાતમા પગાર પંચમાં પેમેટ્રીક્સ લેવલ |
| ૨૫ | સાતમા પગાર પંચમાં પેમેટ્રીક્સ લેવલે નક્કી થતો પગાર |
| ૨૬ | પછીની ઈજાફાની તારીખ અને ઈજાફાની રકમ |
| ૨૭ | બિન પગારી રજાઓની તારીખ સાથેની વિગત |
| ૨૮ | વિકલ્પની તારીખ |
| ૨૯ | સ્થગિતતાની તારીખ |
| ૩૦ | નિવૃત્તિની તારીખ |
| ૩૧ | સત્રાંત તારીખ |
| ૩૨ | નિવૃતિનો પ્રકાર વયનિવૃત્તિ, બરતરફ મૃત્યુ, સ્વૈચ્છિક, નિવૃત્તિ, |
| ૩૩ | ચકાસણી તારીખ |

ઉપર જણાવેલ તમામ વિગતો કર્મચારીની સેવાપોથીની ચકાસણી કરતાં બરાબર માલુમ પડેલ છે.

કર્મચારીની સહી સંસ્થાના સહી/સિક્કા

## જે કર્મચારીઓની Data Entry હજુ થઈ નથી તેમણે શાળાકક્ષાએથી કરવાની કાર્યવાહી

- ઉપરોક્ત દર્શાવેલ ૩૩ કોલમનું પત્રક વ્યવસ્થિત રીતે ભરી શાળાના સહી સિક્કા સાથે એક નકલમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ રજૂ કરવું.
- આ પત્રક સાથે બિડાણમાં :–

  – જિ.શિ.ના પુરા પગારના હુકમની પ્રમાણિત ઝેરોક્ષ નકલ.

  – કર્મચારી નોકરી લાગ્યા તે નિમણુંકપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ.

  – કર્મચારીની વ્યક્તિગત માહિતી દર્શાવતા સેવાપોથીના પાનાની પ્રમાણિત ઝેરોક્ષ નકલ.

  – સેવાપોથીમાં હાજર થયાની નોંધ દર્શાવતા પાનાની પ્રમાણિત ઝેરોક્ષ નકલ.

  – સેવાપોથીમાં પુરા પગારમાં સમાવ્યાની નોંધ દર્શાવતા પાનાની પ્રમાણિત ઝેરોક્ષ નકલ.

**જે કર્મચારી વર્ષ ૨૦૧૬ પહેલાં કાયમી પગાર ધોરણમાં આવેલ છે તેઓએ Data Entry કરાવ્યા પછી સાતમા પગાર પંચના સ્ટીકર માટેની કાર્યવાહી માાટે ઉપરોક્ત બિડાણની સાથે સેવાપોથીમાં કર્મચારીને મળેલ તમામ Eventના પેજની 2mbની મર્યાદામાં pdf (સોફ્ટકોપી) પણ આ સાથે કચેરીમાં રજૂ કરવી.**

– સંકલન : એચ. પી. પઢિયાર

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૦૮૨–૨૧૧૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેક્ટર–૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૧–૮–૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય : CBSE માંથી ધો. ૧૦માંથી Mathematies Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધો. ૧૧ (વિ.પ્ર.)માં પ્રવેશ આપવા બાબત.

સંદર્ભ : (૧) ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની શૈક્ષણિક સમિતિનો ઠરાવ ક્રમાંક:૨૦/૨૦૧૯. તા. ૯–૯–૨૦૧૯

(૨) ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની કારોબારી સમિતિનો ઠરાવ ક્રમાંક:મઉમશબ/સંશોધન/૧૪૪૫–૮૫, તા. ૧–૬–૨૦૨૦

(૩) ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન ૧૪૪૫–૮૫, તા.૧–૬–૨૦૨૦

(૪) ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની શૈક્ષણિક સમિતિનો ઠરાવ ક્રમાંક ૫/૨૦૨૦ તા. ૭–૮–૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ધો.૧૦માં વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં Mathematics Basic અને Mathematics Standard એવા બે વિકલ્પો આપવામાં આવે છે. ધો. ૧૦માં Mathematics Basic રાખનાર વિદ્યાર્થી CBSE બોર્ડની શાળામાં ધો.૧૧માં ગણિત વિષય રાખી શકતો નથી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ. માધ્ય. શિક્ષણ બોર્ડમાં ધો. ૧૦માં ગણિત વિષયમાં Mathematics Basic અને Mathematics Standard જેવા કોઈ વિકલ્પ વિદ્યાર્થીઓને આપવામાં આવતા નથી.

સંદર્ભ (૧) દર્શિત અત્રેના પત્રથી જણાવવામાં આવેલ છે. કે CBSE માંથી ધો.૧૦માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધો.૧૧ (વિ.પ્ર.)માં પ્રવેશ આપી શકાય નહિ.

ઉક્ત બાબત અંગે પુન: વિચારણા કરવા માટે વાલીઓ તરફથી મળેલ રજૂઆત અન્વયે તા. ૨૦–૮–૨૦૨૦ના રોજ ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની શૈક્ષણિક સમિતિની બેઠકમાં વિશદ્ વિચારણાને અંતે ઠરાવ ક્ર: ૮/૨૦૨૦ અન્વયે નિર્ણય કરવામાં આવેલ છે કે જે વિદ્યાર્થીઓએ CBSE બોર્ડમાંથી ધો. ૧૦માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ હોય તેવા વિદ્યાર્થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં કોવિડ–૧૦ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ પૂરતું જ ધો.૧૧ (વિ.પ્ર.)માં માત્ર 'B' ગ્રૃપમાં પ્રવેશ મેળવી શકશે.

ઉક્ત બાબતે આપના જિલ્લાની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને યોગ્ય કાર્યવાહી માટે જાણ કરશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## બ.કાં.જિ.મા.કર્મ બ. અને ધી સહકારી મંડળી અંગે ખાસ આગ્રહ સહ અપીલ

- મંડળીની માસિક ફરજિયાત બચત પગાર થાય તે દિવસે જ પગાર ખાતામાંથી કપાત થાય છે.
- મંડળીના દરેક સભાસદે પોતાના પગાર ખાતામાં ફરજિયાત કપાત (૧૦૦૦ રૂપિયા) તથા લોનના હપ્તાની રકમ (જો લોન લીધેલ હોય તો) પોતાના ખાતામાં પગાર થયા પછી એક અઠવાડિયા સુધી ફરજિયાત જમા રાખવા
- જો સભાસદ પોતાના પગાર ખાતામાં ઉપરોક્ત દર્શાવ્યા પ્રમાણેની રકમ જમા રાખશે નહી અને જો મંડળીની કપાત નહી થાય તો સભાસદ પાસેથી તે રકમ દંડ સહિત વસુલવામાં આવશે.
- આ બાબતે કોઈપણ પ્રશ્ન વારંવાર ઉપસ્થિત થશે તો તે સભાસદનો સભ્ય પદ રદ કરવામાં આવશે.

સર્વ સભાસદોને જાણ તથા સહકાર સારૂ.

''વિના સહકાર નહિ ઉદ્ધાર''

# રાજ્ય સરકારની નોકરીઓમાં મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨
સચિવાલય, ગાંધીનગર

તા. ૨–૯–૨૦૨૦

વંચાણે લીધા :

(૧) સા.વ.વિ.ના તા. ૯–૪–૯૭ના જાહેરનામા ક્રમાંક જીએસ/૯૭/૧૩ સીઆર.આર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨
(૨) સા.વ.વિ.ના તા. ૯–૪–૯૭ના જાહેરનામા ક્રમાંક જીએસ/૯૭/૧૪ સીઆર.આર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨
(૩) સા.વ.વિ.ના તા. ૧૪–૬–૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક જીએસ/૨૦૧૨/૧૨ સીઆર.આર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨
(૪) સા.વ.વિ.ના તા. ૧૧–૧૧–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક જીએસ/૨૦૧૪/૩૭ સીઆર.આર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ (ભાગ–૧)
(૫) સા.વ.વિ.ના તા. ૧–૮–૧૮ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.
(૬) નામદાર ગુજરાત હાઈકોર્ટનું LPA No. 1910/2019 અને અન્ય કેસો અંગેનું તા. ૫–૮–૨૦૨૦નું કોમન ઓરલ જજમેન્ટ

આમુખ :

સામાન્ય વહીવટ વિભાગના ક્રમ(૧) થી (૪)માં વખતો વખત રાજ્ય સરકારની સીધી ભરતીની સેવાઓ અને જગ્યાઓ ઉપર મહિલા અનામતની ૩૦% જોગવાઈ અને ત્યારબાદ ૩૫% જોગવાઈ અને તેને સંલગ્ન નિયમો પ્રસિધ્ધ કરેલ છે.

તા. ૧૪–૬–૨૦૧૨ના જાહેરનામાથી મહિલા અનામત લાગુ કરવાની કાર્યપદ્ધતિ દર્શાવવામાં આવી છે. જયારે તા. ૧–૮–૨૦૧૮ના ઠરાવથી મહિલા અનામત બાબતે સ્પષ્ટતાઓ કરવામાં આવી છે.

તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સીવીલ એપ્લીકેશન નં. ૧૮૯૬૮/૨૦૧૮માં મહિલા અનામતની ગણતરી અંગેની પ્રવર્તમાન સૂચનાઓ અને તેમાં આવેલ ચુકાદાને પડકારવામાં આવતા તે કેસમાં એલ.પી.એ.નં.૧૯૧૦/૨૦૧૯ અને અન્ય સંલગ્ન કેસમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા સામાન્ય વહીવટ વિભાગના તા. ૧–૮–૨૦૧૮ના ઠરાવને રદ કરવામાં આવેલ છે.

**ઠરાવ**

ઉપર્યુક્ત ચુકાદાને અનુલક્ષીને સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાને અંતે સામાન્ય વહીવટ વિભાગના તા. ૧–૮–૨૦૧૮ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨. આથી રદ કરવામાં આવે છે.

૨. નામદાર ગુજરાત હાઈકોર્ટના એલ.પીએનં. ૧૯૧૦/૨૦૧૯ તમન્નાબેન અશોકભાઈ દેસાઈ વિ. શીતલ અમૃતલાલ નિશારના તા. ૫–૮–૨૦૨૦ના ચુકાદામાં નામદાર હાઈકોર્ટ દ્વારા પેરા ૫૭ અને ૫૮માં કોર્ટ દ્વારા મહિલા અનામતની બાબતમાં સ્પષ્ટ આદેશ આપેલ છે. જેમાં મહિલાઓને દરેક કેટેગરીમાં અપાતા હોરીઝોન્ટલ રીઝર્વેશનની અસર કઈ રીતે આપવાની રહે છે તેના આદેશો (Directions) ધ્યાને લઈ નીચે મુજબની કાર્યપદ્ધતિ અનુસરવાનું ઠરાવવામાં આવે છે.

મહિલા અનામતને સંબંધ છે ત્યાં સુધી અનામત કક્ષાની જે તે કેટેગરી અર્થાત અનુસૂચિત જાતિ (SC) અનુસૂચિત જનજાતિ (ST) અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો (SEBC) ની જગાઓ હોરીઝોન્ટલ (Horizontal) રીઝર્વેશનમાં તેમને ફાળે આવતી જગા અનામતની જગા તરીકે આરક્ષિત રહેશે. અર્થાત, ૩૩% મહિલા અનામત પૈકી જે જગ્યા હોરીઝોન્ટલ (Horizontal) રીઝર્વેશન પૈકી અનુ.જાતિ જનજાતિ કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની હોય તે કેટેગરીની મહિલાઓ તેમની કેટેગરી છોડીને અન્યોન્ય આરક્ષીત કેટેગરીમાં સ્પર્ધા કરી શકશે નહી. ઉપરાંત સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો પણ આરક્ષિત કેટેગરી સામે સ્પર્ધા કરી શકશે નહી.પરંતુ જે જગ્યાઓ હોરીઝોન્ટલ રીઝર્વેશન પૈકી અનુ.જાતિ જનજાતિ કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની ન હોય તે અંગે પારા–૫૮માં નામ.કોર્ટ દ્વારા નીચે મુજબ સ્પષ્ટ કરેલ છે.

**There is no reservation for posts in the General Category, and horizontal reservation in favour of women in the General Category is available to be filled up from amongst all women irrepective of their casts status.**

૩. આ સંજોગોમાં મહિલા અનામત પૈકીની જનરલ કેટેગરીની જગ્યા માટે તમામ કેટેગરીની મહિલાઓ સ્પર્ધા કરી શકશે અને આ જગ્યાઓ ગુણવત્તા (Merit)ને આધારે ભરવાની રહેશે, એટલે કે Open Merit માં આવતી મહિલાઓને તેમની સંબંધિત (Respective) Compart-mental Horizontal SC, ST, SEBC કેટેગરીમાં ગણી લેવાની રહેશે નહી.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા. ૨–૯–૨૦૨૦ની મંજૂરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૫. ઉપર્યુક્ત સૂચનાઓ સચિવાલયના વહીવટી વિભાગો અને તેના નિયંત્રણ હેઠળના ખાતા/કચેરીના વડા, બોર્ડ/કોર્પોરેશનને અનુસરવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જવલંત ત્રિવેદી)
અધિક સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર

## બ્લડ ડોનેશન કેમ્પ




તસવીરી ઝલક (ટીમ એજ્યુકેશન બનાસકાંઠા)

## ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમોના ૧૯૭૪માં વિનિયમ ૨૪(૧)ની નવી જોગવાઈ દાખલ કરવા અંગે

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક મશબ/૧૨૧૯/૯૧૪/છ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧-૯-૨૦૨૦

**વંચાણે લીધા :**

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૦-૯-૧૯૬૭નો ઠરાવ નંબર હનપ/૧૧૬૭/ક.
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૩૦-૯-૨૦૦૬નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક.
(૩) શિક્ષણ વિભાગનો તા. ૧-૯-૨૦૦૭નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૩૦૫/૧૯૩૪/ગ
(૪) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગરનો તા. ૯-૧૦-૨૦૧૯નો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૩૪૮૯-૯૦
(૫) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ ગાંધીનગરનો તા. ૨૮-૭-૨૦૨૦નો પત્ર ક્રમાંક:મઉશિબ/સંશોધન/૨૦૨૦/૨૦૬૦-૬૧

આમુખ :

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ આમુખ ક્રમાંક(૧) સામેના તા. ૨૦-૯-૧૯૬૭ના ઠરાવથી રાજ્યના સરકારી કર્મચારીઓ માટે હિન્દીની પરીક્ષા પાસ કરવાનું ઠરાવેલ છે. તેમજ સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ આમુખ ક્રમાંક (૨) સામેના તા. ૩૦-૯-૨૦૦૬ના ઠરાવથી રાજ્ય સરકારની ઈ-ગર્વનન્સ નીતિ અન્વયે સીધી ભરતી/બઢતી અન્વયે વર્ગ-૩ના કર્મચારીઓ માટે CCC અને વર્ગ-૧ અને વર્ગ-૨ના કર્મચારીઓ માટે CCC+ કોમ્પ્યુટર કૌશલ્યની તાલીમ અને પરીક્ષાના આયોજન અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ આમુખ ક્રમાંક (૩) સામેના તા. ૧-૯-૨૦૦૭ના ઠરાવથી રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓને બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ માટે પાત્ર થનારા કર્મચારીઓ માટે તાત્કાલિક અસરથી ખાતાકીય પરીક્ષાની જોગવાઈ દાખલ કરવામાં આવેલ હતી જે ધ્યાને લઈ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વંચાણે લીધેલ ક્રમાંક (૪) અને (૫) સામેના પાત્રોથી રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ યોજના માટે હિન્દીની પરીક્ષા ખાતાકીય પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય (CCC) તાલીમ પરીક્ષા પાસ કરવાની ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં વિનિયમ-૨૪(૧) તરીકે નવી જોગવાઈ દાખલ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ-૨૪માં નીચે મુજબનો ઉમેરો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**વિનિયમ ક્રમાંક:૨૪ (૧)**

''સરકારી બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓએ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ યોજના માટે રાજ્ય સરકારના ધારાધોરણ મુજબ હિન્દીની પરીક્ષા, ખાતાકીય પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય (CCC) તાલીમ પરીક્ષા તેમજ શૈક્ષણિક કર્મચારીઓએ હિન્દીની પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય (CCC) તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ટી. એસ. પટેલ)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ

---

ક્રમાંક: ૫/માધ્ય/પરચ/૨૦૨૦/૧૬૧૦૨-૦૫

કમિશ્નર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જી.એમ.ભવન
ગુ.રા. ગાંધીનગર
તા. ૩૧-૮-૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી
તમામ

વિષય : રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સમય નિયત કરવા બાબત.

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક
(૨) કમિશ્નર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક:ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/૧૦૦૪૨-૭૫ તા. ૬-૬-૨૦૨૦
(૩) કમિશ્નર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક:ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/૧૧૫૫૦-૫૮૬ તા. ૨-૭-૨૦૨૦
(૪) કમિશ્નર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક:ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/૧૩૯૫૫-૫૮ તા. ૪-૮-૨૦૨૦

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ (૧)માં જણાવેલ શિક્ષણ વિભાગના ઠરાવના આપેલ સુચનાઓનો સંપૂર્ણપણે અમલ થાય તે મુજબની કામગીરી કરી શકાય તેમજ હાલ વિદ્યાર્થીઓ શાળાએ ન આવતા હોઈ અનલોક-૩ દરમ્યાન એટલે કે તા. ૩૧-૮-૨૦૨૦ સુધી રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમય ૭-૩૦ થી ૧૨-૦૦ કલાક સુધીનો રાખવા અંગેની સુચના સંદર્ભ(૪)થી આપવામાં આવેલ હતી.

હાલમાં, સમગ્ર દેશ અનલોક-૪ અન્વયે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી શાળા/કોલેજ બંધ રાખવાની સૂચના આપવામાં આવેલ છે. જે સંજોગોમાં અત્રેની કચેરીના સંદર્ભ(૪)ની પત્રથી આપવામાં આવેલ સૂચના અનુસાર ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી આપના જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમય સવારે ૭-૩૦ થી ૧૨-૩૦ વાગ્યા સુધીનો રાખવા આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા/પરિપત્ર કરવા આથી જણાવવામાં આવે છે.

(એચ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક માધ્યમિક
ગુ.રા. ગાંધીનગર

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક/ઉ.મા.શાળા પ્રાથમિક ગ્રાન્ટેડ શાળા અને તમામ શાળા
બનાસકાંઠા જીલ્લો

ઉપરોક્ત વિષય અન્વયે અમલ તથા જાણ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી વતી
બનાસકાંઠા

---

**માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તથા સરકારી શાળાઓની કેટેગરીમાં**
**વર્ષ ૨૦૧૯-૨૦ના જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર વિજેતા**
**શ્રી સુરેશચંદ્ર જે. રાવલ (મ.શિ. વિવિધલક્ષી વિદ્યામંદિર, પાલનપુર)ને**
**બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ વતી**

**અભિનંદન... અભિનંદન... અભિનંદન...**



## સર્વિસબુકમાં નોંધ કરવાની બાબતો

| ક્રમ | પ્રસંગ | વિગત |
|---|---|---|
| ૧ | નવી નિમણુંક થયે | પ્રોબેશન, હંગામી કે કાયમી નિમણુંક |
| | | હંગામીમાંથી કાયમી નિમણુંક થયે તેની નોંધ |
| ૨ | વિકલ્પો | પગાર ધોરણમાં ફેરફાર થયે |
| | | પેન્શન તથા સેવા અંગેના નિયમોમાં ફેરફાર થયે |
| ૩ | નિયુક્તિ | ૧. મૃત્યુ સહ ગ્રેજ્યુઈટી માટે ૨. કુટુંબ પેન્શન માટે ૩. પ્રોવિડન્ટ ફંડ નિયુક્તિ ૪. જૂથ વીમા યોજનાના હેતુ માટે નિયુક્તિ |
| ૪ | વતનનો એકરાર | રજા પ્રવાસ રાહત માટે ''વતનનું સ્થળ જાહેર કરવાનો એકરાર'' બઢતી મળ્યે તેની વિગતની નોંધ |
| ૫ | પગાર ધોરણમાં ફેરફાર અને ઈજાફા | પગાર-ધોરણમાં ફેરફાર થયે નવા પગાર ધોરણની વિગત નક્કી થયેલ ઈજાફાનો તારીખ સાથે |
| | | ઈજાફો મંજુર થયે નવો પગાર |
| | | વધારાનો પગાર તથા અન્ય ભથ્થાઓ જે પગાર તરીકે ગણાતા હોય કે મંજૂર થયે તેનો દર અને સમયગાળાની નોંધ |
| ૬ | ફરજ મોકૂફી અને ફરી ફરજ પર હાજર થયે | ફરજ મોકૂફી પર ઉતારવામાં આવ્યા હોય તો કઈ તારીખથી |
| | | ફરજ માકૂફી પરથી ફરી નોકરીમાં વિનિયમિત કરવામાં આવે ત્યારે હાજર થવાની તારીખ સાથે |
| ૭ | બદલી થયાની નોંધ તથા હાજર થવાનો સમય | બદલી થયે છૂટા/હાજર થયાની નોંધ |
| ૮ | રજા | પ્રાસંગિક રજા સિવાયની તમામ ભોગવેલ રજાના સમય અને પ્રકારનો નોંધ |
| ૯ | રજાનું રોકડમાં રૂપાંતર | જયારે જયારે રજાનું રોકડમાં રૂપાંતર કરી રકમ ચૂકવવામાં આવે ત્યારે સમયગાળો અને રકમની વિગતની નોંધ. |
| ૧૦ | રજા પ્રવાસ રાહત (LTC) | રજા પ્રવાસ ખરેખર ભોગવેલ હોય તો તેની વિગતો બ્લોકવાઈઝ અને રોકડમાં મેળવેલ રજા પ્રવાસ રાહતની નોંધ |
| ૧૧ | હિન્દી,ગુજરાતી તથા ખાતાકીય અને અન્ય ફરજિયાત પરીક્ષા અંગે | જયારે જયારે ખાતાકીય અને અન્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થાય ત્યારે તેની નોંધ |
| ૧૨ | વિશેષ નોંધ | પ્રસંશનીય કામગીરી, મેળવેલ સિદ્ધિ, ઈનામ કે પ્રમાણપત્રની નોંધ |
| ૧૩ | નોકરીમાં શિક્ષા થયેલ પ્રસંગોની નોંધ | નાની કે મોટી શિક્ષા થઈ હોય તેની નોંધ |
| ૧૪ | પગારને અસર થવાની સંભાવના હોય તથા નોકરીમાં તૂટ ગણવાની હોય તેવા પ્રસંગો | અનધિકૃત ગેરહાજરી, રજા કરતા વધુ મુદત સુધી ગેરહાજરી, હડતાલનો સમય, મળવાપાત્ર સમય કરતા વધુ સમય ભોગવેલ જોઈનિંગ ટાઈમ તથા વધુમાં વધુ મળથી રજા તથા અધિકૃત ગેરહાજરી પછીની ગેરહાજરી જેને લઈને નોકરીમાં તૂટ પડી તેમ ગણાય છે તે તથા અન્ય પ્રસંગોની નોંધ |
| | | સ્વૈચ્છિક નિવૃતિ, ફરજિયાત નિવૃતિ, રૂખસદ તથા સિનિયોરિટીમાં ફેરફાર થયે નોશનલ પગાર ગણવાનો હોય તેની ગણતરી પેન્શનપાત્ર પગારમાં કરવાની હોય તેવા બનાવોની નોંધ, ફરજિયાત નિવૃતિ કે રૂખસદ આપ્યા બાદ નોકરી પર ફરજિયાત લેવામાં આવ્યા હોય તેવા કિસ્સામાં વચ્ચેનો સમયગાળો, રાજીનામું આપ્યા બાદ તે પાછું ખેચ્યું હોય તેવા કિસ્સામાં વચ્ચેના સમયગાળા વગેરેની નોંધ |

## વર્ષ ૨૦૨૦ માટે પેન્શનરોની હયાતિની ખરાઈનો સમયગાળો ઓક્ટોબર મહિના સુધી લંબાવવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક:તજર-૧૦૨૦૧૪-૧૬૭૧-ઝ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૮-૮-૨૦૨૦

વંચાણ લીધા :

(૧) નાણા વિભાગનો તા. ૧૯-૫-૧૯૯૪નો ઠરાવ ક્ર:ટીજેઆર-૧૨૯૩-૯૬૦-ઝ
(૨) નાણા વિભાગનો તા. ૫-૭-૨૦૦૭નો ઠરાવ ક્ર: તજર-૧૦૨૦૦૭-૧૧૭-ઝ
(૩) નાણા વિભાગનું તા. ૨૨-૮-૨૦૧૨નુ જાહેરનામુ ક્ર: (જીએન-૧૮)તજર-૧૦૨૦૦૭-૧૧૭-ઝ
(૪) નાણા વિભાગનો તા. ૧૭-૯-૨૦૧૨નો ઠરાવ ક્ર: તજર-૧૦૨૦૦૭-૧૩૨-ઝ
(૫) નાણા વિભાગનો તા. ૨૯-૫-૨૦૧૭નો ઠરાવ ક્ર: તજર-૧૦૨૦૧૪-૧૬૭૧-ઝ
(૬) નાણા વિભાગનો તા. ૨૯-૪-૨૦૨૦નો ઠરાવ ક્ર: તજર-૧૦૨૦૧૪-૧૬૭૧-ઝ

આમુખ :

રાજ્ય સરકારના પેન્શનરો માટે ઉક્ત વંચાણે લીધેલ નાણા વિભાગના તા. ૨૯-૪-૨૦૨૦ના ઠરાવથી વર્ષ-૨૦૨૦માં હયાતિની ખરાઈ મે મહિનાને બદલે જૂન મહિનામાં કરાવવાનું તેમજ જે પેન્શનરો જૂન મહિનામાં હયાતિની ખરાઈ ન કરાવી શકે તેઓ જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં પણ હયાતીની ખરાઈ કરાવી શકે તેવું નિયત કરવામાં આવેલ છે. પેનશનરો દ્વારા કોરોના મહામારીને ધ્યાને લઈને હયાતીની ખરાઈ માટેનો સમયગાળો વધારવા માટે રજૂઆત કરવામાં આવેલ આથી, પેન્શનરોને વાર્ષિક હયાતીની ખરાઈ માટેનો સમયગાળો વધારવા માટે રજૂઆત કરવામાં આવેલ. આથી, પેન્શનરોને વાર્ષિક હયાતિની ખરાઈ કરાવવામાં મુશ્કેલી ન પડે તે માટે હયાતીની ખરાઈ માટેનો સમયગાળો વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે જે પેન્શનરો વર્ષ-૨૦૨૦માં જૂન-જુલાઈ કે ઓગસ્ટ મહિનામાં હયાતીની ખરાઈ કરાવી શકેલ નહી તેવા પેન્શનરો સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં પણ હયાતીની ખરાઈ કરાવી શકેશે. ઉપરાંત વંચાણે લીધેલ ક્રમ (૫) ઉપરના ઠરાવ અન્વયે રાજ્ય સરકારનાં પેન્શનરો/કુટુંબ પેન્શનરો Jeevan Praman Portal (www.)jeevanpramaan.gov.in) ઉપર પણ Online હયાતીની ખરાઈ કરાવી શકે છે. આમ, સને ૨૦૨૦માં ઓક્ટોબર મહિનાના અંત સુધીમાં હયાતીની ખરાઈ કરાવવામાં પેન્શનર નિષ્ફળ જાય તો તેવા કિસ્સામાં નવેમ્બર મહિનાથી પેન્શનરની રકમનું ચુકવણું સ્થગિત કરવાનું ઠરાવવામાં આવે છે.

પેન્શનરોની વાર્ષિક હયાતિની ખરાઈ બાબતે નાણા વિભાગની વખતો વખતની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે આ સૂચનાઓ વર્ષ ૨૦૨૦ માટે જ અમલમાં રહેશે.

કે. કે. પટેલ
નાયબ સચિવ (પેન્શન અને તિજોરી)

હિતિનીરીસી/કા.નં.૧૩૪/હયાતી/૨૦૨૦ તા. ૨૮-૮-૨૦૨૦

પ્રતિ,
જિલ્લા તિજોરી, અધિકારીશ્રી (પેન્શન)
જિલ્લા પેન્શન ચૂકવણા કચેરી,
તમામ
ઉક્ત પત્રમાં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવા વિનંતી છે.

# ભારતીય સ્ટેટ બેંક

## વ્યક્તિગત વિતરણ વિભાગ

જુનાગંજબજાર સામે, પાલનપુર-૩૮૫૦૦૧

ફોન : (૦૨૭૪૨) ૨૫૨૪૨૩, ૨૫૭૭૦૮, ૨૫૦૯૮૮

## હાઉસીંગ લોન મેળવવા માટે બેંકમાં રજુ કરવાના જરૂરી કાગળો

**અ. પગારદાર વ્યક્તિઓ માટે :**

૧) છેલ્લા ત્રણ મહિનાની પગાર સ્લીપ
૨) ફોર્મ-૧૬ છેલ્લા ૩ વર્ષના ફોર્મ ૧૬ ન હોય તો નોકરીદાતાનું સર્ટીફીકેટ
૩) ઈન્કમટેક્ષ રીટર્ન છેલ્લા ત્રણ વર્ષના (જો લાગુ પડતા હોય તો)
૪) પી.એફ.નું છેલ્લું સ્ટેટમેન્ટ તથા કાયમી નોકરી અંગેનું નોકરીદાતાએ આપેલું સર્ટીફીકેટ
૫) ઓળખનો પુરાવો : પાનકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/આધારકાર્ડ/ પાસપોર્ટ/મતદાર કાર્ડ/સંસ્થાએ આપેલ ઓળખપત્ર.
૬) સરનામાનો પુરાવો : લાઈટબીલ/ટેલીફોનબીલ/નોકરી દાતા પાસેથી સર્ટીફીકેટ/પાસપોર્ટ
૭) છેલ્લા છ મહિનાના બેંક ખાતાના સ્ટેટમેન્ટ (જયાં પગાર જમા થતો હોય તે ખાતાનું)
૮) પાસપોર્ટ સાઈઝના ૩ ફોટોગ્રાફસ
૯) રોકાણની વિગતો.

**બ. ધંધાદારી વ્યક્તિઓ માટે :**

૧) છેલ્લા ત્રણ વર્ષના ઈન્કમટેક્ષ રીટર્નની પ્રમાણિત નકલ.
૨) છેલ્લા ત્રણ વર્ષના એસેસમેન્ટ ઓર્ડર/નાણાંકીય પરિણામોની પ્રમાણિત નકલ
૩) ચાલુ વર્ષના એડવાન્સ ઈન્કમટેક્ષ ભર્યાની પાવતી.
૪) ભાગીદારી કરાર/પેઢીનામું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ (જો ભાગીદારી પેઢી હોય તો)
૫) ઓળખનો પુરાવો : પાનકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/પાસપોર્ટ/ મતદાર/ કાર્ડ આધારકાર્ડ
૬) એડ્રેસનો પુરાવો : લાઈટબીલ/ટેલીફોન બીલ/કોર્પોરેશનની વેરા પાવતી/પાસપોર્ટ
૭) ધંધાના સ્થળના એડ્રેસનો પુરાવો.
૮) છેલ્લા ૬ મહિનાના બેંક એકાઉન્ટના સ્ટેટમેન્ટ (પર્સનલ તથા ધંધાના ખાતા)
૯) ૩ પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ.
૧૦) મકાન વેરાની પાવતી.
૧૧) રોકાણ (ઈન્વેસ્ટમેન્ટ)ની વિગત

**ક. ગેરેન્ટર (જામીન) માટે :**

૧) છેલ્લા ત્રણ મહિનાની પગાર સ્લીપ
૨) ઈન્કમટેક્ષ રીટર્ન / ફોર્મ-૧૬ (છેલ્લા ત્રણ વર્ષના)
૩) સરનામાનો પુરાવો : લાઈટબીલ/ટેલિફોનબીલ/નોકરી દાતા પાસેથી સર્ટીફીકેટ/પાસપોર્ટ
૪) ઓળખનો પુરાવો : પાનકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/પાસપોર્ટ/મતદાર કાર્ડ/ આધાર કાર્ડ
૫) પાસપોર્ટ સાઈઝના ૩ ફોટો ગ્રાફ્સ
૬) મકાન વેરાની પાવતી
૭) જી.પી.એફ. સ્ટેટમેન્ટ
૮) છેલ્લા છ મહિનાના બેંક ખાતાના સ્ટેટમેન્ટ
૯) રોકાણની વિગતો.

**ડ. બેંકના માન્ય એડવોકેટ પાસેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ (જે માટે નીચે પ્રમાણેના કાગળો રજૂ કરવાના રહેશે.)**

**મિલ્કતને લગતા દસ્તાવેજ :**

૧) વેચાણ દસ્તાવેજ
૨) ૬-હક્કપત્રક, ૭-૧૨ તેમજ ૮-અનો ઉતારો
૩) મિલ્કત વેરાની છેલ્લી પાવતી
૪) નો.ડયુ સર્ટી રેવન્યું ડીપાર્ટમેન્ટ (પ્લોટનો કોઈપણ પ્રકારનું સરકારી દેવું બાકી નથી તેવો દાખલો)
(૫) રજાચીઠ્ઠી (બાંધકામની પરવાનગી)
(૬) એપ્રુવ્ડ પ્લાન (૭) એસ્ટીમેન્ટ
(૮) એન.એ. પરમીશન લેટર
(૯) લે-આઉટ પ્લાન
૧૦) બાંધકામ માટેનો કરાર (રૂા. ૧૦૦ના સ્ટેમ્પ ઉપર)
૧૧) પ્રોપર્ટી કાર્ડ

**અન્ય બેંકમાંથી એકાઉન્ટ ટ્રાન્સફર કરવા માટે વધારાના કાગળો**

૧) સેકશન લેટર કોપી
૨) લોન ખાતાનું સ્ટેટમેન્ટ છેલ્લા એક વર્ષનું
૩) દસ્તાવેજ તથા મકાન અંગેના કાગળોની નકલ
૪) કબજા પાવતી
૫) હાલ જે બેંકમાં લોન ખાતું છે તે બેંકનો સંમતિપત્ર

**રી-સેલમાં મકાન ખરીદવા માટે વધારાના કાગળ**

૧) સરકાર માન્ય વેલ્યુઅર પાસેથી વેલ્યુએશન સર્ટીફીકેટ
૨) સરકાર માન્ય આર્કિટેક પાસેથી સ્ટ્રકચર રીપોર્ટ
૩) વેચનાર સાથેનો બાનાખત

**મકાનમાં વધારા (એકસટેન્શન) માટે વધારાના કાગળો**

૧) નગરપાલિકા/ગ્રામ પંચાયત દ્વારા એપ્રુવ્ડ પ્લાન
૨) બાંધકામ માટેની રજા ચિઠ્ઠી
૩) ખર્ચનો વિગતવાર એસ્ટીમેંટ
૪) બાંધકામ માટેનો કરાર
૫) સરકાર માન્ય આર્કિટેક પાસેથી સ્ટેબીલીટી સર્ટીફીકેટ

**મકાનમાં રીપેરીંગ માટે વધારાના કાગળો**

૧) ખર્ચનો વિગતવાર એસ્ટીમેન્ટ
૨) બાંધકામ માટેનો કરાર

પ્રકાશક : **શ્રી હરેશભાઈ જી. ડાભી** - સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા, જિ. બનાસકાંઠા મો : ૯૪૨૬૪૪૪૫૬૮, ૮૧૬૦૮૨૮૫૮૨
તંત્રી અને મુદ્રક : શ્રી ગિરીશકુમાર એસ. રાવલ ૧૭, સૂર્યનગર, આઈ.ટી.આઈ.ની સામે, બનાસડેરી રોડ, પાલનપુર-૩૮૫૦૦૧ મો : ૯૪૨૭૦૪૩૬૧૬
મુખ્ય સંપાદક : શ્રી સુભાષભાઈ ડી. વ્યાસ - કમલ વિદ્યામંદિર ભૂતેડી, તા. પાલનપુર (મો : ૯૭૨૬૦૪૮૬૦૪)
મુદ્રણ સ્થળ : વિશાલ ઓફસેટ, દ્રોણ બિલ્ડીંગ, જિ.પં. સામે, પાલનપુર, ફોન : (ઓ) ૨૫૭૯૫૧
નોંધ : (૧) અત્રે છપાયેલ લેખોમાં લેખકના વિચારો સાથે તંત્રી સહમત જ છે એવું કયારેક શકય ન પણ હોય (૨) કાનુની વિવાદનું ક્ષેત્ર માત્ર પાલનપુર શહેર જ રહેશે.

સંપાદક મંડળ : (૧) શ્રી સુભાષભાઈ ડી. વ્યાસ, મુખ્ય સંપાદક કમલ વિદ્યામંદિર, ભૂતેડી (૨) શ્રી સુરેશભાઈ જે. રાવલ વિવિધલક્ષી વિદ્યામંદિર (૩) શ્રી રવિન્દ્રભાઈ પ્રજાપતિ વિનય મંદિર, ગોળા (૪)શ્રી અજિતભાઈ વાઘેલા સમતા હાઈસ્કુલ, પાલનપુર (૫) શ્રી કનુભાઈ મોદી કે. એસ. ઝાલા હાઈસ્કુલ, કુડા (૬) શ્રી વસંતભાઈ પરમાર આદર્શ હાઈસ્કૂલ, ઉજ્જનવાડા (૭) શ્રી નિલેશભાઈ બુંબડીયા આરાસુરી કન્યા વિદ્યાલય, અંબાજી